૫૦ / ૩૭૫૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૧:૧૫] (રવિવાર, ૯ જુલાઈ, ૨૦૦૦) [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ સહજાનંદ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘હો વ્હાલા, ગાજરડાં મારાં વેરી રે....’
૨. ‘લ્યો, આ આપની સેવાનો ભાગ.’
૩. ‘વનમાં વસવા સિવાય અમારે તમારી કોઈ વાત સાંભળવી નથી.’
૪. ‘અમારું અને અમારા શત્રુનું સારું કરજો.’

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. વજેસિંહ માટે આત્મારામ નવી ડગલી બનાવી ન શક્યા.
૨. શ્રીજીમહારાજે હરબાઈ-વાલબાઈને વિમુખ કર્યાં.
૩. શ્રીજીમહારાજે બારેય સદ્‌ગુરુઓના હાથ નીચેના સાધુઓ બદલ્યા.
૪. શ્રીજીમહારાજ ગુપ્તવાસમાં રહેવા લાગ્યા.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. જાળિયામાં મંદવાડ.
૨. બિશપ હેબર સાથે મુલાકાત.
૩. સારા પદાર્થનો ત્યાગ.
૪. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ ક્યાં પધરાવી ?
૨. અંતિમ મંદવાડમાં પણ મહારાજ કયા હરિભક્તને દર્શન દેવા પધાર્યા ?
૩. કઈ સ્ત્રીને શ્રીજી મહારાજે દેખતી કરી ?





૪. શ્રીજીમહારાજને ઈચ્છારામભાઈ સર્વપ્રથમ ક્યાં મળ્યા હતા ?
૫. ગઢડામાં ગોપીનાથજીની પ્રતિષ્ઠા ક્યારે થઈ ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ એક વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** ૫

૧. મીઠા વ્હાલા કેમ વિસરું.
૨. પોતે પાળીને પછી પળાવ્યું.
૩. શૂદ્રોને દ્વિજપણું દીધું.

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ-૨)

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘અમે જે જે આજ્ઞા કરીએ છીએ તેમાં ભગવાનની મૂર્તિ આપીએ છીએ.’
૨. ‘ઘી ગોળ કેમ રહેવા દીધાં ?’
૩. ‘આપનું ભજન કરે તેને કેમ મરાય ?’
૪. ‘તમે સૌ જો ધર્મ રાખશો તો હું રહીશ.’

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવા અમદાવાદ પધાર્યા.
૨. શ્રીજીમહારાજે દાદાખાચરને પરણાવ્યા.
૩. લાડુબાએ ભેંસની ચાકરી ઘરે શરૂ કરી.
૪. અક્ષરપુરુષોત્તમની જોટે મૂર્તિ બેસી ગઈ હોય તેવો આનંદ જાગા સ્વામીને થયો.

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. અયોધ્યાપ્રસાદજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીનો પરસ્પર પ્રેમ.
૨. કૃષ્ણજી અદાનો શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો પક્ષ.
૩. શ્રીજીમહારાજની સાલેમાળ પર્વતની લીલા.
૪. પ્રેમાનંદ સ્વામીની પ્રેમલક્ષણા ભક્તિ.

**પ્ર.૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. જાગા ભક્ત કઈ ત્રણ વસ્તુ જોવાની ના પાડતા ?
૨. દેવી ભક્તનાં માતાજીના ગરબાને આધારે પ્રેમાનંદ સ્વામીએ કયું કીર્તન રચ્યું ?
૩. નિત્યાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળી શું બોલતા ?

૪. મૂળજી બ્રહ્મચારીની આરસની મૂર્તિ કોણે કયા મંદિરમાં પધરાવી ?

૫. અયોધ્યાપ્રસાદજી મહારાજનાં માતા-પિતાનું નામ શું હતું ?

૬. શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી ત્યારે કૃષ્ણજી અદા પોતાના શિષ્યોને શું કહેતા ?

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો. ૧૫**

૧. સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા

૨. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય અને આપણી ફરજ

૩. કુટુંબ અને સત્સંગના વિકાસનો રામબાણ ઈલાજ - સંપ

✿ ✿ ✿